ક્રમાંક:જીઆઈડીસી/હિસાબ/૦૦૫

તા. ૧૧/૦૬/૨૦૨૦.

# // પરિપત્ર //

કોવિડ-૧૯ માહામારીથી ઉદભવેલ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુન:વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજના ભાગરૂપે નાણાં વિભાગ ગુજરાત સરકારશ્રી ધ્વારા તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/ ૧૯૫૨૨૪/ક થી વેપાર ધંધા ઉદ્યોગોને મદદરૂપ થવા યોજનાઓ જાહેર કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે નિગમના ફાળવણીદારોને કેન્દ્ર સરકારના નાણા મંત્રાલય અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ધ્વારા સમાન પ્રકારના પ્રકરણે આપેલા દિશા નિર્દેશોને આધિન તા.૩૧/૦૩/૨૦૨૦ અને તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ લ્હેણાં થતા હપ્તા ભરપાઈ કરવા માટે નીચે મુજબની રાહતો આપવામાં આવેલ છે.

(૧) જે ફાળવણીદાર તા.૩૧/૦૩/૨૦૨૦ થી વધુ ત્રણ માસ માટે તમામ હપ્તાનું રિ-શિડ્યુલમેન્ટ કરવા ઈચ્છતા હોય તેવા ફાળવણીદારોએ બાકી મુડી પર ત્રણ માસનું સાદુ વ્યાજ ભરવાપાત્ર થશે જે ફાળવણીદાર ધ્વારા તા.૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં ચુકવવાનુ રહેશે. આ સમયગાળા દરમિયાન દંડકીય અને વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે નહી

(૨) જે ફાળવણીદાર તા.૩૧/૦૩/૨૦૨૦ થી વધુ છ માસ માટે તમામ હપ્તાનું રિ-શિડ્યુલમેન્ટ કરવા ઈચ્છતા હોય તેવા ફાળવણીદારોએ બાકી મુડી પર છ માસનું સાદુ વ્યાજ તા.૩૦/૦૬/૨૦૨૦ અને તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં બે હપ્તામાં ચુકવવાનુ રહેશે. આ સમયગાળા દરમિયાન દંડકીય અને વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે નહી

(૩) ઉપરોક્ત રિ-શિડ્યુલમેન્ટ પૈકી ફાળવણીદાર પાસેથી રિ-શિડ્યુલમેન્ટનો વિકલ્પ લેખિતમા સ્વીકારવાનો રહેશે તથા તે મુજબ રિ-શિડ્યુલમેન્ટ કરવાનુ રહેશે.

(૪) રિ-શિડ્યુલમેન્ટના ઉપરોક્ત સમયગાળા બાદ હપ્તાના વિલંબીત ચુકવણા માટે નિગમના નીતિ નિયમો અનુસાર નિયમિત દરે દંડકીય અને વિલંબીત વ્યાજ વસુલ કરવાનું રહેશે.

જે ફાળવણીદારો રિ-શિડ્યુલમેન્ટ કરવા ન ઈચ્છતા હોય તેવા ફાળવણીદારો અંગે નીચે મુજબની નીતિ અમલમાં રહેશે.

(૧) તા.૩૧/૦૩/૨૦૨૦ ના રોજ લ્હેણાં થતા હપ્તા ફાળવણીદાર ધ્વારા ત્રણ માસમાં ચુકવવામાં આવે તો દંડકીય અને વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે નહી તેમજ છ માસમાં ચુકવવામાં આવે તો પ્રથમ ત્રણ માસ બાદ કરતાં બાકીના ત્રણ માસમાં ૭% ના રાહત દરે વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે.

(૨) તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ લ્હેણાં થતા હપ્તા ચુકવવામાં છ માસ સુધીના વિલંબ માટે ૭% ના રાહત દરે વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે જ્યારે દંડકીય વ્યાજ લાગુ પડશે નહી.

(૩) વધુમાં, ફાળવણીદાર ધ્વારા ઉપરોક્ત બન્ને હપ્તા ચુકવવામાં છ માસ કરતાં વધુ વિલંબ કરવામાં આવે એ સંજોગોમાં નિગમના નીતિ નિયમો અનુસાર દંડકીય અને વિલંબીત વ્યાજ વસુલ કરવાપાત્ર થશે.

જે ફાળવણીદારોના તા.૩૧/૦૩/૨૦૨૦ના રોજ હપ્તા લ્હેણાં થતા હોય તેવા તમામ ફાળવણીદારોને ક્ષેત્રીય કચેરીઓ ધ્વારા ઉપરોક્ત નીતિની જાણ કરવાની રહેશે.

સહી/–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જી.આઈ.ડી.સી., ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ

રવાના કર્યું

મેનેજર (મહેકમ)